પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૭૧ | ૩૧ ઓગસ્ટ, ૨૦૧૭, ગુરૂવાર ; ભાદરવા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### દેશના ૧૫૮૧ એમએલએ/એમપી સામે ક્રીમીનલ કેસ

ઈડીઆરના છેલ્લા રીપોર્ટ મુજબ દેશના ૩૩ ટકા એમએલએ/એમપી એટલે કે ૧૫૮૧ સામે ગુનાહિત પ્રવૃત્તિઓના કેસો નોંધાયા છે.

### ખરાબ વાતાવરણના કારણે ૪૦૦ બોટ પરત

દરિયા કિનારાના વિસ્તારોમાં અતિ ભારે વરસાદ પડવાની સંભાવના છે. દરિયો તોફાની બનવાની સંભાવના વ્યક્ત કરાતા દરિયો ખેડવા નીકળેલી ૪૦૦ બોટ પરત થઈ છે. હજુ ૩૦૦ બોટ દરિયામાં હોવાની સંભાવના છે.

### તેજસ્વી અને તેજ પ્રતાપ યાદવના બંગલા ખાલી કરાયા

બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ અને પૂર્વ મંત્રી તેજ પ્રતાપ યાદવના બંગલા ખાલી કરાવાયા હતા. તેજસ્વી યાદવના બંગલામાં નાયબ મુખ્યમંત્રી સુશીલ મોદી રહેવા આવી ગયા છે.

### હિમાચલપ્રદેશમાં બસ ખીણમાં ખાબકી

હિમાચલપ્રદેશમાં યાત્રાળુઓની એક બસ ખીણમાં ખાબકી હતી. આ અકસ્માતમાં બે પ્રવાસીઓના મોત નીપજ્યા છે. જ્યારે ૨૫ પ્રવાસીઓને ઈજાઓ થઈ છે.



આદ્યશક્તિ મંદિરનો ઝળહળાટ - ભાદરવી પૂનમના મેળાના આરંભની પૂર્વ સંધ્યાએ જગતજનની મા-આદ્યશક્તિ જગદંબાના મંદિરને ભવ્યાતીભવ્ય રોશનીથી સજાવાયું છે... રાજ્યના ખૂણે ખૂણેથી પગપાળા સંઘો અંબાજીના માર્ગો પર જયઘોષ સાથે માતાજીના ચરણે શીશ ઝુકાવવા જઈ રહ્યા છે... શક્તિપીઠ અંબાજીના ભાદરવી પૂનમના મેળાનો આરંભ આવતીકાલથી થશે... શ્રદ્ધાનું ઘોડાપૂર ઉમટશે... ભાવસાગર છલકાશે... અને સમગ્ર રાજ્યમાં શક્તિનો સંચાર થશે... એવા માહોલની વચ્ચે આદ્યશક્તિના ઝળહળાટની તસવીર....

## ગોરખપુર બીઆરડી કોલેજમાં વધુ ૪૨ બાળકોનાં મોત

**સાત બાળકોના મોત જાપાની તાવના કારણે અને અન્યોના મોત જુદા જુદા કારણોસર થયા છે**

ગોરખપુર,તા. ૩૦

ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં બાબા રાઘવ દાસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં બાળકોના મોતનો સિલસિલો જારી રહ્યો છે. છેલ્લા ૪૮ કલાકમાં આ હોસ્પિટલમાં ૪૨ બાળકોના મોત થઈ ગયા છે. કોલેજના પ્રિન્સિપાલ પીકે સિંહે મોતના આંકડાને સમર્થન આપ્યુ છે. તેમણે કહ્યુ છે કે સાત બાળકોના મોત જાપાની તાવના કારણે થયા છે. જ્યારે બાકીના બાળકોના મોત જુદા જુદા કારણોસર થયા છે. આટલી મોટી સંખ્યામાં બાળકોના મોતના સમાચાર પ્રથમ વખત આવ્યા નથી. આ વર્ષે દસમી ઓગષ્ટના દિવસે રાત્રે ઓક્સિજનના અભાવના કારણે કેટલાક બાળકોના મોત થઈ ગયા હતા. આ મામલે યુપી સરકાર દ્વારા કઠોર કાર્યવાહી પણ કરવામાં આવી હતી. એ વખતે કોલેજના તત્કાલીન પ્રિન્સિપાલ રાજીવ મિશ્રા અને ઈન્સેફલાઈટિસ વોર્ડના ઈન્ચાર્જ કફિલને તેમના હોદા પરથી દુર કરી દેવામાં આવ્યા હતા. મોડેથી એસટીએફના રાજીવ મિશ્રાને કાનપુરમાંથી ધરપકડ કરી લેવામાં આવી હતી. કફીલને પકડી પાડવામાં પોલીસ દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. એસટીએફની ટીમ પણ સક્રિય થયેલી છે. આ સંબંધમાં રાજઘાટ સ્થિત ઘર પર દરોડા પાડવામાં આવ્યા હતા. અત્રે નોંધનીય છે કે બીઆરડી કોલેજમાં બાળકોના મોતના મામલે યોગી સરકારની વ્યાપક ટિકા થઈ હતી. આવી સ્થિતીમાં યોગી આદિત્યનાથે પોતે હોસ્પિટલમાં પહોંચીને સ્થિતીની સમીક્ષા કરી હતી.

## સેસમાં વધારો થતા લકઝરી કાર, એસયુવી વધુ મોંઘી બનશે

નવી દિલ્હી,તા. ૩૦

સ્પોટ્ર્સ યુટિલીટી વ્હીકલ (એસયુવી), મધ્ય કદની ગાડીઓ, મોટી કાર, લકઝરી કાર વધુ મોંઘી બનવા જઈ રહી છે. કારણ કે, કેન્દ્રીય કેબિનેટે આજે સેસને ૧૫ ટકાથી વધારીને ૨૫ ટકા કરવાના વટહુકમને લીલીઝંડી આપી દીધી છે. સેઝ ઉપર મર્યાદાને વધારવામાં આવ્યા બાદ આવા વાહનો ઉપર જીએસટી હેઠળ કુલ ટેક્સ વર્તમાન ૪૩ ટકાથી વધીને ૫૩ ટકા થઈ જશે. આની સાથે જ તે હાઈએસ્ટ ટેક્સ સ્લેબ ૨૮ ટકાના વર્ગમાં આવી જશે. કેન્દ્રીય કેબિનેટના આ નિર્ણયથી લકઝરી કાર અને એસયુવી વધારે મોંઘી થશે. સેસને ૧૫ ટકાથી વધારીને નવી જીએસટી વ્યવસ્થા હેઠળ ૨૫ ટકા કરવાના નિર્ણયની સાથે જ કિંમતી કારો વધારે

● અનુસંધાન પાન-૭ પર

# મુંબઈમાં મેઘતાંડવથી છના મોત

**ઘણા વિસ્તારો હજુ જળબંબાકાર : સ્થિતિ સુધારવાના તમામ પ્રયાસો : ૩૦ હજારથી વધુ કર્મચારીઓ કામે લાગ્યા છે**

મુંબઈ,તા. ૩૦

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ૧૩ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયા બાદ સ્થિતિને સામાન્ય બનાવવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે પરંતુ હજુ પણ અનેક વિસ્તારો વરસાદી માહોલ વચ્ચે જળબંબાકારની સ્થિતિ છે. મુંબઈની લાઈફલાઈન સમાન ગણાતી લોકલ ટ્રેન સેવા શરૂ કરી દેવામાં આવી છે પરંતુ મોટાભાગની ટ્રેનો મોડેથી દોડી રહી છે જ્યારે ઉત્તર રેલવે દ્વારા મોટી સંખ્યામાં ટ્રેનો રદ કરવામાં આવી છે. ૧૩ ઈંચતી વધુ વરસાદ થયા બાદ અભૂતપૂર્વ સ્થિતિ સર્જાઈ હતી. બ્રિહાન મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર અજોય મહેતાએ આજે કહ્યું હતું કે, અભૂતપૂર્વ સ્થિતિ સર્જાઈ હતી પરંતુ હવે સ્થિતિ કાબૂમાં લેવાના પ્રયાસો થયા છે. સ્થિતિ હવે કાબૂમાં છે. મિડિયા સાથે વાતચીત કરતા બીએમસીના કમિશનરે વરસાદને અભૂતપૂર્વ ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, પાણીની સપાટી હવે ઘટી રહી છે. જો કે, તેમણે દાવો કર્યો હતો કે, પરિસ્થિતિને હાથ ધરવા માટે શેરીઓમાં બીએમસીના ૩૦ હજાર કર્મચારીઓ લાગેલા છે. આશરે ૧૩ ઈંચ જેટલો વરસાદ થયો હતો જ્યારે ૨૬ સ્થળો ઉપર વરસાદ ૧૦ ઈંચથી વધુ વરસાદ થયો હતો. મુંબઈમાં જનજીવન સામાન્ય બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. રેલવે મંત્રાલયનું કહેવું છે કે, વેસ્ટર્ન રેલવે દ્વારા સેવા શરૂ કરી દેવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણેચાલી રહી છે. બીચ, જાહેર રસ્તાઓને સ્વચ્છ કરવાના પ્રયાસ

● અનુસંધાન પાન-૭ પર

## જૈશના આત્મઘાતી બોંબરો મોટા હુમલાઓને અંજામ આપી શકે છે

**ઇન્ટેલીજન્સ બ્યુરોના અહેવાલ બાદ હાઈએલર્ટની જાહેરાત : આત્મઘાતી બોંબરોની બે ટુકડી ઘુસણખોરી કરવામાં સફળ થઇ ગઇ હોવાના અહેવાલ : ત્રાસવાદીઓ ટ્રેનિંગ લઇ ચુક્યા**

નવી દિલ્હી,તા.૩૦

ભારતમાં કેટલાક રાજ્યોમાં આત્મઘાતી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. મળેલી માહિતી મુજબ જૈશે મોહમ્મદના ખતરનાક આઠ આતંકવાદીઓ હાલમાં પંજાબ અને જમ્મુ કાશ્મીરમાં છુપાયેલા હોવાના અહેવાલ મળી રહ્યા છે અને આ આતંકવાદીઓ મોટા હુમલાને અંજામ આપી શકે છે. ઈન્ટેલીજન્સ બ્યુરો દ્વારા સુરક્ષા સંસ્થાઓ સાથે બે ખાસ પ્રકારની માહિતીની આપલે કરી છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, મૌલાના મસૂદ અઝહરના નેતૃત્વમાં જૈશે મોહમ્મદના તાલીમ પામેલા આત્મઘાતી ત્રાસવાદીઓ પાકિસ્તાનથી ઘુસણખોરી કરી ચુક્યા છે. તેમના ટાર્ગેટ સેના અને અન્ય સુરક્ષા સંસ્થાઓના કેમ્પ હોઈ શકે છે. આઈબી દ્વારા આપવામાં આવેલી માહિતી ખુબ જ સંવેદનશીલ છે અને આને ધ્યાનમાં લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. બંને રાજ્યોમાં સુરક્ષા દલોને એલર્ટ ઉપર મુકી દેવામાં આવ્યા છે. એવું જાણવા મળી રહ્યું છે કે, જૈશે મોહમ્મદના આ આતંકવાદીઓ પઠાણકોટમાં આઈએએફ બેઝ ઉપર ગયા વર્ષે કરવામાં આવેલા હુમલા જેવા ભીષણ હુમલાને અંજામ આપી શકે છે. બે આઈબી માહિતી પૈકીની એક માહિતીમાં ૨૩મી ઓગસ્ટના દિવસે જણાવવામાં આવ્યું હતું કે, જૈશે મોહમ્મદના સાત આત્મઘાતી

● અનુસંધાન પાન-૭ પર

### ભારત-શ્રીલંકા વચ્ચે આજે રોમાંચક જંગ

કોલંબો,તા. ૩૦

ભારત અને શ્રીલંકા વચ્ચે પાંચ વનડે મેચોની શ્રેણીની ચોથી વનડે મેચ આવતીકાલે કોલંબો ખાતે રમાનાર છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ પહેલાથી જ શ્રેણી ૩-૦થી જીતી ચુકી છે. આવી સ્થિતીમાં ભારતીય ટીમ વ્હાઈટ વોશ કરવાનો હેતુ ધરાવે છે. જેથી બાકીની બન્ને મેચ જીતવાના ઈરાદા સાથે જ ઉતરવા માટે તૈયાર છે. પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની, રોહિત શર્મા અને શિખર ધવન શાનદાર ફોર્મમાં ચાલી રહ્યા છે. બીજી બાજુ યજમાન ટીમના ખેલાડીઓનો ફલોપ શો રહ્યો છે.

### આધાર સંબંધિત અરજીઓ પર નવેમ્બરમાં સુનાવણી

નવીદિલ્હી,તા. ૩૦

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે જાહેરાત કરી હતી કે, આધાર સંબંધિત મામલાઓ સાથે સંબંધિત તમામ અરજીઓ ઉપર નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં આજે કહ્યું હતું કે, તે અગાઉ ૩૦મી સપ્ટેમ્બરના બદલે સામાજિક લાભ લેવા માટે આધારને ફરજિયાત કરવા માટેની મહેતલને ૩૧મી ડિસેમ્બર સુધી લંબાવી છે.

## આધુનિક નેવીગેશન સેટેલાઈટ લોંચ માટે કાઉન્ટડાઉન આરંભાયું

**૨૯ કલાક કાઉન્ટડાઉન ચાલ્યા બાદ ગુરુવારે લોંચ : ઇસરો દ્વારા તમામ પરિબળો ઉપર નજર : શ્રીહરિકોટામાં સતીષ ધવન સ્પેશ સેન્ટરના બીજા લોંચ પેડથી લોંચ કરાશે**

બેંગ્લોર, તા. ૩૦

ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)એ આજે કહ્યુ હતુ કે નવેસરના અને આધુનિક નેવિગેશન સેટેલાઈટ આઈઆર એનએસએસ-૧ એચને લોંચ કરવા માટેનુ ૨૯ કલાકનુ કાઉન્ટ ડાઉન શરૂ કરી દેવામાં આવ્યુ છ. બે વાગે કાઉન્ટ ડાઉન શરૂ કરવામાં આવ્યુ છે. ગુરૂવારના દિવસે શ્રીહરિકોટામાં સતીશ ધવન સ્પેશ સેન્ટરના બીજા લોંચ પેડ ખાતેથી આ સેટેલાઈટ લોંચ કરવામાં આવનાર છે.

આ સેટેલાઈટ આઈઆર એનએસએસ-૧એના રિપ્લેશમેન્ટ તરીકે સેવા આપનાર છે. ઈસરોના અધિકારીઓના કહેવા મુજબ અગાઉ અટોમિક ક્લોકમાં નિષ્ફળતા મળી હતી. આવી નિષ્ફળતા રશિયાના ગ્લોનાસમાં પણ મળી હતી. યુરોપિયન સ્પેશ એજન્સી ખાતે પણ સફળતા મળી ન હતી. ગુરૂવારે સાંજે સાત વાગે આને લોંચ કરવામાં આવનાર છે. આ સેટેલાઈટનુ વજન ૧૪૨૫ કિલોગ્રામ છે. પીએસએલવી-સી૩૯ મારફતે આને લોંચ કરવામાં આવનાર છે. ઈસરોએ કહ્યુ છે કે મિશન રેડિનેસ રિવ્યુ કમિટી અને લોંચ ઓથોરાઈઝેશન બોર્ડ તરફથી મંગળવારના દિવસે કાઉન્ટ ડાઉન માટેની મંજુરી મળી ગઈ હતી. આઈઆરએનએસએસના ભાગરૂપે પ્રથમ સેટેલાઈટ પહેલી જુલાઈ ૨૦૧૩ના દિવસે લોંચ કરવામાં આવ્યા બાદ તેની સફળતાની નોંધ લેવામાં આવી હતી. જ્યારે અન્ય સેટેલાઈટ આઈઆરએનએસએસ-૧એલ એપ્રિલ ૨૦૧૮ના દિવસે લોંચ કરવાની યોજના છે. પ્રાથમિક પરિભ્રમણ કક્ષામાં આને ગોઠવી દેવામાં આવ્યા બાદ આઈઆર એનએસએસ-૧ એચની બે સોલાર પેનલ પોતાની રીતે ગોઠવાઈ જશે. કોઈ સેટેલાઈટને બનાવવામાં પ્રથમ

● અનુસંધાન પાન-૭ પર




